**ગુજરાત સરકાર**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**અધિસુચના ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૮/૭૦૦/બ-૧,**

**સચિવાલય,ગાંધીનગર.**

**તા.૦૫/૦૩/૨૦૧૯.**

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત જાહેર સેવા આયોગના તા.૦૨-૦૨-૨૦૧૯ના પત્ર ક્રમાંક:એસએલટી-૧૧૧૮-૬૪૬-પી.

**અ ધિ સુ ચ ના :**

૧. મુખ્ય સેવિકા વર્ગ-૩માંથી બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨માં બઢતી આપવા સબંધે આમુખ(૧)માં દર્શાવેલ પત્રથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા બઢતીની બહાલી આપવામાં આવેલ છે. જેમાં નીચે દર્શાવેલ મુખ્ય સેવિકાઓ વર્ગ-૩માંથી બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨માં રૂ.૯૩૦૦-૩૪૮૦૦/-ગ્રેડ પે રૂ.૪૬૦૦/ (સાતમા પગાર પંચના પગાર ધોરણ પે મેટ્રીકસના લેવલ – ૮માં રૂ.૪૪૯૦૦- ૧,૪૨,૪૦૦)ના પગાર ધોરણમાં હંગામી ધોરણે નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | સીની ક્રમ | અધિકારીનું નામ | બઢતીનું નિમણૂંકનું સ્થળ | |
|---|---|---|---|---|
| | | | ઘટક | જિલ્લો |
| ૧ | ૬૯૨ | ઉર્મિલાબેન જી.ચૌધરી | અર્બન-૫ | સુરત (કોર્પો.) |
| ૨ | ૭૫૫ | ચૌધરી સીમાબેન બાબુભાઇ | લીમખેડા-૪ | દાહોદ |
| ૩ | ૯૯૪ | સોલંકી કમળાબેન જીતેન્દ્રભાઇ | માંડવી-૧ | કચ્છ-ભૂજ |

૨. ઉકત કર્મચારીઓને વિભાગના તા.૧૨/૧૦/૨૦૧૮ની અધિસુચનાથી આપવામાં આવેલ બઢતીની તારીખથી સંભાવ્ય તારીખ તરીકે નોશનલ લાભ સાથે ગણવાની રહેશે.

૩. બઢતી પામેલ ઉપરોકત અધિકારીઓએ તેઓને બઢતીની જગ્યાએ દિન-૧૫માં હાજર થઇ અત્રે જાણ કરવાની રહેશે. જો બઢતીનો અસ્વિકાર કરવાનો હોય તો તેની જાણ પત્ર દ્વારા અત્રે તાત્કાલિક કરવાની રહેશે. જે કર્મચારીઓ બઢતીનો અસ્વિકાર કરે તેઓના કિસ્સામાં કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીએ ઉચ્ચત્તર પગાર ધોરણ તાત્કાલિક અસરથી પરત લેવા બાબતે નિયમાનુસારની કાર્યવાહી કરવાની રહેશે અને તેની જાણ અત્રે કરવાની રહેશે.

સબંધિત કર્મચારી એક અથવા બીજા કારણોસર હાજર થવામાં વિલંબ કરશે કે સબંધિત સત્તાધિકારી દ્વારા કર્મચારીને બઢતીવાળી જગ્યાએ હાજર થવા છુટા કરવામાં વિલંબ કરવામાં આવશે કે તે ટાળવામાં આવશે અથવા બઢતીની જગ્યાએ હાજર થતાં અટકાવવામાં આવશે તો જે તે સક્ષમ સત્તાએ તેની ઘણી જ ગંભીર નોંધ લઇ કડક પગલાં ભરવામાં આવશે.

૪. બઢતીવાળી જગ્યાએ હાજર થતાં પહેલાં કર્મચારીએ કોઇપણ જાતની રજા ઉપર ઉતરી શકશે નહીં. અનિવાર્ય કારણોસર રજાની જરૂર હોય તો પ્રથમ બઢતીવાળી જગ્યાએ તુરત જ હાજર થઇ જવાનું રહેશે. અને ત્યારબાદ સક્ષમ સત્તાધિકારી પાસેથી રજાઓ મંજુર કરાવ્યાબાદ રજા ઉપર ઉતરી શકશે.

૫. બઢતીના ઉપરોકત હુકમો તેમનાથી કોઇ સીનીયર હોય તો તેમની સીનીયોરીટીના હકકોના પૂર્વગ્રહ વિના તથા સબંધિત સંવર્ગની આખરી પ્રવરતામાં જે કોઇ ફેરફાર થાય તો થનાર આવશ્યક ફેરફારોને આધિન અને નામ.ગુજરાતની વડી અદાલત અને અન્ય અદાલતોમાં આ અંગેના પડતર કોર્ટ કેસોના ચુકાદાને આધિન રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અંકિતા ક્રિશ્ચિયન
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

---

ક્રમાંક:આઇસીડીએ/૧૦૨૦૧૮/૭૦૦/બ-૧,
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૫/03/૨૦૧૯.

પ્રતિ,

(૧) માન.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
(૨) માન.રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
(૩) સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,સેકટર નં.૧૦-એ,છ-૩,સર્કલ નજીક,છ-રોડ,ગાંધીનગર. (પત્ર દ્વારા)
(૪) સચિવશ્રી(મ.બા.ક.)ના અંગત રહસ્ય સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
(૫) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(૬) નિયામકશ્રી,(આઇસીડીએસ) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૭) મ્યુનિસિપલકમિશ્નરશ્રી,મ્યુનિ.કમિશ્નરશ્રીની કચેરી,સુરત.સુરત કોર્પોરેશન
(૮) વિભાગના તમામ અધિકારીશ્રીઓ,મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૯) સબંધિત અધિકારીશ્રીઓ, જિ.
(૧૦) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત કચેરી,જિ.દાહોદ,કચ્છ-ભૂજ.
(૧૧) જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી(આઇસીડીએસ),જિલ્લા પંચાયત કચેરી,જિ.દાહોદ,કચ્છ-ભૂજ અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન.સુરત.
(૧૨) જિલ્લા તિજોરી અધિકારીશ્રી,જિ.દાહોદ,કચ્છ-ભૂજ અને સુરત.
(૧૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ/રાજકોટ.
(૧૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર/અમદાવાદ.
(૧૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી,ગાંધીનગર/અમદાવાદ.
(૧૬) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
(૧૭) શાખા સિલેકટ ફાઇલ.

(ગોપાલસિંહ યાદવ)
સેકશન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ